# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ: 7** | **ગણિત** | **જુલાઈ, 2020**

**સમય: 1** કલાક | **કુલ ગુણ: 25**

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. પૂર્ણાંક સંખ્યાના સરવાળા તથા બાદબાકી વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને તે ગુણધર્મોનો ઉપયોગ કરી ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.

**પ્રશ્ન: 1 નીચે આપેલ વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો.** (5)

1. (-9) + _______ = 0
2. (-45) + _______ = (-45)
3. (-4) + [5 + 17] = [(-4) + ______ ] + 17
4. 0 + _____= (-17)
5. (-17) + (-37) = (-37) + _______

અ.નિ. ઉદાહરણો / પેટર્ન દ્વારા પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે તથા ગુણધર્મોનો ઉપયોગ કરીને ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.

**પ્રશ્ન: 2 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.**

1. (-20) નો (-1) સાથેનો ગુણાકાર શું મળે ? (1)
2. (-12) × 0 × (-17) નો જવાબ શું મળે ? (1)
3. ગુણાકાર કરો : (-3) × (-4) × 2 × (-1) (3)

અ.નિ. દશાંશ સંખ્યાઓનો ઉપયોગ રોજિંદા વ્યવહારમાં વપરાતી રાશિઓમાં કરે છે.

**પ્રશ્ન: 3 નીચેના દાખલા ગણો.**

1. નિયમિત બહુકોણની દરેક બાજુની લંબાઇ 1.3 સેમી છે. બહુકોણની પરિમિતિ 10.4 સેમી છે. તો બહુકોણ કેટલી બાજુઓ ધરાવે છે? (3)
2. એક પેન્ટ બનાવવા 1.20 મીટર કાપડ જોઇએ. એકસરખા માપનાં 12 પેન્ટ બનાવવા માટે કેટલું કાપડ જોઇએ? (2)

અ.નિ. અપૂર્ણાંકોના ગુણાકાર તથા ભાગાકારની સમજ કેળવે છે.


**પ્રશ્નઃ 4 નીચેના દાખલા ગણો.** **(5)**

1. રવિના એક કલાકમાં પુસ્તકનો $\frac{1}{5}$ ભાગ વાંચે છે. પુસ્તકનો કેટલામો ભાગ તે $2\frac{1}{5}$ કલાકમાં વાંચશે?
2. મહેશ $7\frac{1}{2}$ સેમી લંબાઈની પેપરની પટ્ટીને કાપીને $1\frac{1}{2}$ સેમી માપની નાની નાની પટ્ટીઓ બનાવે છે. મહેશને નાની પટ્ટીઓના કેટલા ટુકડા મળશે ?

અ.નિ. દશાંશ સંખ્યાના પૂર્ણ સંખ્યા સાથે ગુણાકાર કરે છે.

**પ્રશ્નઃ 5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.**

1. શોધો : $0.4 \times 6$ (1)
2. શોધો : $57.4 \times 10$ (1)
3. (3)




આકૃતિમાં બતાવેલ માપના લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.